# પ્રેસનોટ

## ખુનની કોશિષનો અનડીટેકટ ગુનાનો ભેદ ઉકેલી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા ઇન્ચાર્જ મદદનીશ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત/શરીર સંબંધી ગુનાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સેકન્ડ પોલીસ ઇન્સપેક્ટરશ્રી એચ.એસ.ચાવડા સાહેબનાઓની સુચના હેઠળ તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

ગઇ તા.૧૩/૦૧/૧૯ ના કલાક.૨૨/૩૦ વાગ્યાના સુમારે આ કામના સાહેદ (ભોગ બનનાર) રીઝવાન આશમહમદ અન્સારીનાનો દાણીલીમડા ચિરાગ પાર્ક સોસાયટી વાલદેન મસ્જીદ પાસે આવેલ દુકાન પાસે બહાર રોડ ઉપર ફોન ઉપર વાત કરતો હતો ત્યારે એક બાઇક ઉપર આવેલ અજાણ્યા બે ઇસમો ઉ.વ.૨૦ થી ૨૫ ના આશરા નાઓ પૈકી મો.સા.ની પાછળ બેસેલ ઇસમે સાહેદ રીઝવાન પાસે આવી ફોન પર વાત કરવા બાબતે બોલાચાલી ઝઘડો કરી ગંદી ગાળો બોલી તેની પાસેના છરી વડે સાહેદ રીઝવાનના પેટના ભાગે એક ઘા મારી ઇજા કરી ભાગી જઇ ગુનો કરેલ હોય જે ગુનાની તપાસ દરમ્યાન કોઇ ફળદાયક હકીકત મળી આવેલ ન હોય જેથી સદર ગુનાના કામે વર્ગ " અ " પડત સમરી ભરવામાં આવેલ હતી અને સદર ગુનાના આરોપીઓની તપાસમાં હતા તે દરમ્યાન આજરોજ સર્વેલન્સ સ્કોડના આર.એસ.ગોહિલ પો.સબ.ઇન્સ.સાથેના સ્ટાફના હેડ.કોન્સ. વિજયકુમાર રણછોડભાઇ બ.નં.૮૨૦૮ તથા પો.કો. જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો. ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા પો.કો. મહેશકુમાર લાધુભાઇ બ.નં.૫૦૦૦ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા દાણીલીમડા બેરલ માર્કેટ ઢાળ પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.જગદિશકુમાર ગણેશભાઇ બ.નં.૫૬૩૬ તથા પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરો નં.(૧) મોહમદ હસનૈન ઉર્ફે નાનજી તોતલો ઉર્ફે સ/ઓ વાહિદભાઇ રંગરેજ ઉ.વ.૧૭ રહે : ન્યુ ફૈસલનગર વિ-એ આયશા મસ્જિદની બાજુમાં બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર (૨) સોએબ ઉર્ફે માધુરી સ/ઓ શરીફભાઇ મોહમદબસીરભાઇ શેખ ઉ.વ.૧૭ રહે : હરિયાળીનગર શાહેઆલમ મસ્જિદની બાજુમાં બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને સદર ગુનામાં વપરાયેલ મો.સા.નં.જીજે.૨૭.સી.એચ.૨૨૮૫ ની સાથે પકડી લઇ છેલ્લા અગિયાર મહિનાથી દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૫/૧૯ ધી ઇ.પી.કો.કલમ-૩૨૪,૩૨૬,૩૦૭,૨૯૪(ખ),૪૨૭,૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

Scanned with CamScanner